# Std 11 Gujarati Textbook Solutions Chapter 19 રસ્તા વસંતના

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. પ્રત્યેક ડાળ કવિને કેવી લાગે છે?**

ઉત્તર :

પ્રત્યેક ડાળ કવિને વસંતના રસ્તા જેવી લાગે છે.

**પ્રશ્ન 2. ફૂલોની સરખામણી કવિએ કોની સાથે કરી છે?**

ઉત્તર :

ફૂલોની સરખામણી કવિએ વસંતનાં પગલાં સાથે કરી છે.

**પ્રશ્ન 3. ઈશ્વર શાના વડે વસંતનો નકશો કંડારે છે?**

ઉત્તર:

ઈશ્વર મલયાનિલોની પીંછી અને ફૂલોના રંગો વડે વસંતનો નકશો કંડારે છે.

### 2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. વસંતના બે ફાંટા પડી ગયા એમ કવિ શાથી કહે છે?**

ઉત્તર:

વસંતના બે ફાંટા પડી ગયા એમ કવિ કહે છે કારણ કે વસંતની અસર પ્રકૃતિ પર થાય છે તેમ તેની અસર માનવહૈયાને પણ થાય છે.

**પ્રશ્ન 2. આ ગઝલમાં રજૂ થયેલા ઉત્પ્રેક્ષા અલંકારનાં ઉદાહરણો લખો.**

ઉત્તર:

ઉન્મેલા અલંકારનાં ઉદાહરણો:

- આ એક તારા અંગે ને બીજો ચમન મહીં,
  જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,

  નોંધઃ "અલંકાર' અભ્યાસક્રમમાં નથી.].

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. આ કાવ્યમાં રજૂ થયેલું વસંતઋતુનું સૌંદર્ય તમારા શબ્દોમાં વર્ણવો.**

ઉત્તરઃ

ઋતુરાજ વસંતના આગમન સાથે જ પ્રકૃતિમાં નવચેતના આવે છે. વૃક્ષોની ડાળીઓ વસંતના રસ્તાની જેમ અને ફૂલો વસંતનાં પગલાની જેમ મહોરી ઊઠે છે. શીતળ ને સુગંધીદાર પવન પીંછીની જેમ વૃક્ષ વૃક્ષ અને ફૂલે ફૂલે ફરી વળીને વસંતના રસ્તા દોરી રહ્યો હોય છે.

આંબે અંબે મંજરી મહેકી રહે છે. મન ભરીને માણવાનું મન થાય એવો સોના જેવો સૂરજનો તડકો હોય છે.

વસંતના બે ફાંટા પડી જાય છે. એક ફાંટો પ્રકૃતિ તરફ અને બીજો ફાંટો માનવહૈયાં તરફ ફંટાય છે. પ્રકૃતિ જેમ ખીલી ઊઠે છે તેમ માનવહૈયાં પણ ખીલી ઊઠે છે. માનવામાં પણ નવી ચેતના, આનંદ અને ઉમંગ જોવા મળે છે.

આમ, વસંતનું સૌંદર્ય વનમાં અને જનમાં જોવા મળે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in